સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૫૫

સલામી સવારની..

રાજયોમાં ભાંગીને, કોમમાં વેર બહેલાવે છે,
પ્રેમાળ પ્રજામાં ભાગલાનો કેર રેલાવે છે,
ભેલાવે શાંતિ નેતાઓ, મત-ક્ષેત્રો ચરી ખાવા -
સ્વાર્થ માટે પ્રાદેસિકતાનું ઝેર ફેલાવે છે
(આસામ-પૂર્વાંચલ અંગારા)

ભજવ્યું ભાવે,
'અવતાર' હંગલે -
ચરિત્ર કાર્ય..
(એ.કે.હંગલ નિધન)

નવી ઘોડીથી,
ખેલે છે દાવ નવો -
કેજરીવાલ!
(ટીમ અન્ના)

હાઈકુ

ચિંતન

સ્વજનઃ સ્વાત્માવજજન્તુર્જાયિતે ગુણવાન્ પરૈઃ ।
મોપૈર્ગોપવદાજ્ઞાયિ હરિર્દેવો જગત્પતિઃ ॥

'સ્વજનને - એટલે કે પોતાનાં નજીકનાં સંબંધી-સગા-વ્હાલાં-પોતાના સ્વજન જો ગુણવાન અને મહાન હોય તો પણ તેને પોતાના જ જેવો સામાન્ય સમજે છે, એટલું જ નહીં ક્યારેક તો તુચ્છ પ્રાણી જ સમજે છે, જગતના પતિ ભગવાન વિષ્ણુ-કૃષ્ણ સ્વરૂપે વૃંદાવનમાં લીલા કરતાં હતા ત્યારે વૃંદાવનના ગોવાળિયાઓ તો એમને પોતાના જેવો ગોવાળ જ જાણતાં હતા.'

તુલસીદાસ એ સાચું જ કહ્યું છે, તુલસી વહાં ન જાઇઓ જહાં બાપ કો ગામ - ગામમાં કદર થતી નથી ત્યાં તો 'તુલ્સીયો' તરીકે જ તેને બધા ઓળખે. સંત કવિ તુલસીદાસ તરીકેના માન-સન્માન પોતાના ગામમાં પ્રાપ્ત ન થાય.

ઉચ્ચ જાતના વિચારક-ચિંતક-સોક્રેટીસને તેની પત્ની જ ઓળખી શકી નહીં અને ક્રોધ-ગુસ્સામાં એણે સોક્રેટીસ પર ખૂબ ત્રાસ ગૂજાર્યો.

સંત તુકારામની પત્નીએ ગુસ્સામાં પતિને શેરડીનાં સાંઠાથી માર્યા પણ હતા.

આજની ઘણી બધી સ્ત્રીઓ પોતાનો પતિ મામલતદાર, કલેક્ટર જેવા હોદ્દા પર હોય છતાં પોતાનાં વર્તુળમાં તો એની પત્ની એમ જ કહેતી હોય છે. અમારા એ સાવ ભોળા છે, એને ફોનમાં બોલતાં ય નથી આવડતું. ગમે તે આવીને એને મૂરખ બનાવી જાય એને ખબર પડતી નથી.' ખરેખર નજીકનાં સ્વજન જ પોતાના ગુણવાન સ્વજનની કદર કરી શકતાં નથી, ઓળખી શકતાં નથી.

સુવિચાર

- પ્રત્યેક દિવસ તમારે માટે કંઇક ને કંઇક ભેટ સોગાદ લઇને જ આવે છે તમે એને કેવા ઉમળકાથી સ્વીકારો છો તેના પર તમારો આનંદ અવલંબે છે - એસ. ભટ્ટાચાર્ય
- 'હૃદય' નામના અમૂલ્ય પદાર્થનો પરિચય કરો, એમાં જ માનવતાનો ઉદ્ધાર છે - ધૂમકેતુ
- શસ્ત્રો પશુત્વની નિશાની છે - ર.વ.દેસાઇ
- સુખ પતંગિયાં જેવું છે તમે એને પકડવા મથશો તો એ હાથમાં નહીં આવે, ધીરજથી, શાંતિથી બેસી રહેશો તો તો તમારે ખભે આવીને બેસી જશે - કવિ કલાપી
- હું સંકટમાં કે સંકટોથી બચવા નહીં પરંતુ સંકટોનો સામનો હિંમતપૂર્વક કરી શકું એટલા માટે પ્રાર્થના કરું છું - ટાગોર
- નશીબ જેને વહાલ કરે છે તેને તે પહેલાં મૂર્ખ બનાવી દે છે - બેંજન
- તમને બીજા બધાં સારા કહે એવું જો તમે ઇચ્છતા હો તો તમે પોતે જ તમારી જાતને 'સારા' ન કહો - સ્પાસલ્ટ

બોધ કથા

સીઆઇડી ઇન્સ્પેક્ટરની દૃષ્ટિ અને નિરીક્ષણ શક્તિ એવી ચબરાક હોય કે વસ્તુઓ જ જાણે એને બનાવ કે ઘટનાના ખૂલાસા આપી દે. 'થેંક્યુ ફાધર' (પરેશ રાવલ)ના નાટકમાં અકસ્માત-આત્મહત્યા અને ખૂનની એક જ ઘટનાને ઇન્સ્પેક્ટર એવી રીતે રમાડે છે કે આપણે ત્રણે બાબત સંમત થઇ જઇએ..

શરલોક હોમ્સની રહસ્ય કથાઓનાં લેખક સર આર્થન કોનન ડોઇલ હતા, એમની નિરીક્ષણ શક્તિ કેવી ઝીણવટ ભરી હશે!

એકવાર શ્રી આર્થર કાનન ડોઇલ ફ્રાંસ ગયા. આવા લેખકો સામાન્ય રીતે એવી માન્યતા ધરાવતા હોય છે કે, 'મને બધા જ ઓળખે' ઘણીવાર જેને - જે તે ક્ષેત્ર સાથે લાગતું-વળગતું ન હોય તે શા માટે એવી ઓળખમાં રસ રાખે?

હવે ફ્રાંસમાં એક હોટલનું સરનામું આપી ટેક્ષીવાળાને ત્યાં પહોંચાડવા સૂચના આપી. હોટલ આવી જતાં જ ટેક્ષીવાળો બોલ્યો :

'સર આર્થન કાનન ડોઇલ' આપની હોટલ આવી ગઇ છે.

મી. ડોઇલ એક સામાન્ય ટેક્ષીવાળો પણ પોતાને ઓળખે છે એવા ગર્વથી આનંદીત થયા. 'ટીપ' આપતાં કહ્યું તમે મને ઓળખી ગયા?

ટેક્ષીવાળો તદ્દન સામાન્યપણે બોલ્યો, મેં આપના સામાન પર લટકતી 'ટેગ' વાંચીને જ કહ્યું..

મી. ડોઇલને કાપવા અને લોઢીનો સંબંધ પણ ન રહ્યો.

હું કરું છું, હું કરું છું એ જ અજ્ઞાનતા

વિચાર યાત્રા
- જય ઓઝા

હું કોણ? આનો જવાબ આપણે ક્યારેય શોધી શક્યા નથી, પણ હું કોણ તેની સમજણ બીજાને પાડવા માટે આપણે આપણી જિંદગી ખર્ચી નાખીએ છીએ. હું હું હું...

"આંખ ઉંઘડે અને મોઢું ખૂલે છે પછી 'હું' નો જન્મ થાય છે." સ્વ. શ્રી સુરેશ દલાલની આ પંક્તિ છે.

ફાધર વાલેસના પુસ્તકમાં એક પ્રસંગ વાંચ્યો હતો. ચાર મિત્રો ફરવા નીકળે છે, થોડુંક આગળ ચાલ્યા પછી ચારમાંથી ત્રણ જણને રસ્તો બરાબર છે કે નહીં તે વિશે શંકા જાય છે, ત્યારે ચોથો વ્યક્તિ કહે છે - 'હું' છું ને! મને ખબર છે... તમે ચિંતા ન કરો 'હું' રસ્તો જાણું છું. ત્યારે પેલાના ભરોસે બીજા ત્રણેય આગળ ચાલે છે.. થોડુંક પેલાના ભરોસે બીજા ત્રણેય આગળ ચાલે છે... થોડુંક ચાલ્યા પછી ત્રણેય પાછાં મુંઝાય છે, ત્યારે વળી પાછા મિસ્ટર 'હું' હુંકાર કરે છે, અરે ચાર ગભરાવ છો શા માટે! હું છું ને!

અંતે ઘણું ચાલ્યા પછી પેલા મિસ્ટર 'હું' પોતે રસ્તા વિશે ગૂંચવાય છે... અને કહે છે કે 'આપણે' ભૂલા પડ્યા લાગીએ છીએ...! વાહ બેટમજી! કેટલી સિફ્તથી પ્રથમ પુરૂષ એકવચન પરથી બહુવચન પર સરકી ગયો! 'હું' ની બદલે 'આપણે.'

પરંતુ આમાં તેનો વાંક નથી... આપણે ટેવ પડી ગઇ છે : 'જશ લેવો હોય ત્યારે 'હું' 'હું' કરવાનું, ક્યાંક ગુંચવાયા એટલે આપણી સાથે બીજાનેય ઢસડી લેવાના -

'હું' ના ચોકઠામાંથી બહાર નીકળતા નથી. આપણા અહમને પોષતા રહીએ છીએ... કોઇ બીજા કરે કે ન કરે આપણે આપણા વખાણ કરતાં રહીએ છીએ...

'હું' તો ખોટો પડું જ નહીં ને!

મારૂં કામ એટલે કાંઇ કહેવું ન પડે...

આવી ડંફાસ મારતા હોઇએ ત્યારે આપણો હું ઘણાને વાગતો હશે.

પોતાની જાત વિશે ખોટા ખ્યાલથી દોરવાઇને ઘણાં બધાંએ કેટલીય વાર 'હું' પદ પામવામાં સત્યને પણ દાટી દીધું હશે. પોતાનો કક્કો સાચો કરવા માટે સામેવાળાના મોઢામાં ડૂચો મારવામાં પણ અહંકેન્દ્રી માનસ ખચકાતું નથી.

ઘણા વળી એવા જોવા મળશે કે જ્યાં સુધી તમે તેની વાત સાથે સંમત ન થાવ ત્યાં સુધી છોડે જ નહીં; આવા જડસુ લોકોની સામે દલીલ કરવી નકામી છે.

॥ યત્ર દર્દુરાઃ વક્તારઃ, મૌનં હી તત્ર શોભતે ॥

એ લોકો જે કહે તેમાં 'હાં' માં 'હાં' મિલાવો તો તેઓ રાજી રાજી, જરાક તેમને ટોક્યા નથી કે ખલાસ! બાંયો ચડાવીને સામે ઘૂરકીયા કરશે... આ બધા સ્વકેન્દ્રી જીવ છે, પોતાના અહંથી પોતે પીડાય છે, અને બીજાને પણ પીડે છે.

'મારી જગ્યાએ બીજું કોઇ હોત તો સહન ન કરી શકી હોત' એવું કહેનાર સહનશીલ વ્યક્તિઓ તો આ સંસારમાં પાર વિનાની મળતી હોય છે. પોતાના નાનકડાં દુઃખને માઇક્રોસ્કોપમાં દેખાડી - દેખાડીને દશ ગણું મોટું બતાવતા ધુરંધરોનો પણ તોટો નથી. એકવાર બોલવાનું ચાલું કરે પછી તેમનાં 'હું પુરાણ' ની સપ્તાહ અટકાવવાનું નામ નથી લેતી. સામા માણસનો ફક્ત શ્રોતા તરીકે ઉપયોગ કરવો તેનાથી મોટી બીજી કોઇ અસભ્યતા નથી.

દરેક વ્યક્તિમાં વત્તાઓછા અંશે 'હું' પણું હોય છે, અને તે હોવું જોઇએ... પણ હું જ કરી શકીશ બીજાથી આ ન જ થઇ શકે... એવો અંધવિશ્વાસ સારો નથી.

ગુરૂદયાલ મલિકજીનો એક પ્રસંગ છે. આપણે કોઇ દિવસ વિચાર્યું છે કે બકરી બોલે છે તે આટલી બધી કર્કશ કેમ લાગે છે? અને મેના આટલું મધુર કેવી રીતે બોલે છે? બકરી સતત મૈં મૈં મૈં કરે છે, જ્યારે મેનાં કહે છે - મેં ના મેં ના હવે આપણે નક્કી કરવાનું છે કે આપણે બકરી બનવું કે મેંના?

બાકી તો 'અહમ' ની લીલા અકળ છે - 'હું અભિમાની નથી.' એવું સૂક્ષ્મ અભિમાન પણ માણસને ક્યાં નથી હોતું?

'અહં બ્રહ્માણિ' નો આપણે સગવડીયો અર્થ કરી લીધો...

નરસિંહ મહેતાની બે વિરોધાભાસી પંક્તિઓ જોઇએ -

હું કરું છું કરું એ જ અજ્ઞાનતા
શકટનો ભાર જેમ શ્વાન તાણે...
આવું કહેનાર નરસૈંયા એ જ આમ પણ કહ્યું છે કે -
હું ખરે તું ખરો, હું વિના તું નહીં
મુજ વિના તું તને કોણ કહેશે...

આ વિરોભારાસી વિધાન નરસૈંયા જેવો સમર્થ ભક્ત જ કરી શકે. સીધી ભગવાનને જ ચેલેન્જ આપે છે, કે મારા વિના તારૂં કોઇ અસ્તિત્વ નથી... આમા નરસૈંયાનો 'હુંકાર નથી, પરંતુ 'ૐ કાર' છે.'

નરસિંહ મહેતાએ 'હું' ને પ્રભુમાં વિલીન કરી દીધું, મેળવી દીધું. હું નું સ્વતંત્ર અસ્તિત્વ જ નથી. પ્રભુના ચિત્તમાં તેમનું ચિત્ત એક થઇ ગયું છે... પ્રભુ ભક્તિમાં એટલા બધા લીન છે કે ક્યારે તેમની ભક્તિ પૂરી થાય અને ક્યારે પ્રભુની કૃપા શરૂ થાય તે નક્કી કરવું મુશ્કેલ થઇ પડે.

અને નરસિંહ મહેતા આવું કહી શકે, કારણ કે સ્વયં તેના ભગવાન કૃષ્ણએ જ હુંકાર કર્યો છે કે -

"બધાં જ ત્યજીને મારા શરણે આવ." મામેકં શરણં વ્રજ. પણ ભાઇ! કૃષ્ણ એવું કહી શકે કારણ કે તેમને 'હું' અને 'તું' ના સીમાડા સ્પર્શતા નથી.. 'હું' અને 'તું' ની છદ્મજાળ તો આપણે ઊભી કરી છે.

કૃષ્ણ તો આ બધાથી પર છે.

વાસ્તવમાં નથી 'બિંદુ' અને અક્ષર એણે બનવું છે, હજી નથી એ 'ક્યારેક'ને નિરંતર એણે બનવું છે.

કહો જોઇએ એને વિચાર કરે વિસાતનો માનવી થયો નથી માનવ અને ઇશ્વર એણે બનવું છે.

પુરૂષોત્તમ માસનો અધિક પવિત્ર મહિમા

વાર, તિથિ, યોગ, નક્ષત્ર અને કરણ - આ પંચ અંગને પંચાગ કહે છે. ભારતીય સંસ્કૃતિમાં કોઇ પણ શુભ કે ધાર્મિક પ્રસંગ, તહેવાર ઇત્યાદિ હોય ત્યારે વિધિવિધાન માટે પંચાગમાં પૂરી ખાત્રી કર્યા પછી જ આખરી નિર્ણય લેવાની વર્ષો જૂની એક પ્રસ્થાપિત પરંપરા છે.

આ પંચાગ અનુસાર ચાંદ્ર વર્ષ અને સૌર વર્ષ મહત્ત્વનાં મનાય છે. એક રાશિમાં આશરે અઢી દિવસ લેખે બારેબાર રાશિમાં ચંદ્ર ભ્રમણ કરે તેને ચંદ્રમાસ અને આવા બાર માસ ભેગા મળે ત્યારે એક ચાંદ્ર વર્ષ બને છે. ચાંદ્ર વર્ષ ૩૫૪ દિવસનું હોય છે.

પૃથ્વી પોતાની ધરી ઉપર ૨૪ કલાકમાં એક પ્રદક્ષિણા પુરી કરે છે તેથી સૂર્યોદય અને સૂયાસ્ત થાય છે; પૃથ્વી આખા સૂર્યની પરિક્રમા ૩૬૫ દિવસમાં પુરી કરે છે જેને સૂર્યવર્ષ કે સૌર વર્ષ કહે છે.

ચાંદ્ર વર્ષ ૩૫૪ દિવસનું અને સૌર વર્ષ ૩૬૫ દિવસનું થતાં ૧૧ દિવસનો ચોખ્ખો તફાવત થાય. આ તફાવત દૂર ન થાય તો બધી ગણતરીઓમાં વિક્ષેપ આવે. આપણા ઋષિમુનિઓએ સ્પષ્ટમાન મુજબ સૂર્ય-ચંદ્ર-પૃથ્વીની સંક્રાન્તિની સ્પષ્ટ ગણતરી કરી ચાંદ્રમાસના કુલ ૩૨ માસ અને ૧૭ દિવસ દર ત્રણ વર્ષે જયારે પર પૂરા થાય તે જ દિવસથી ૩૦ દિવસનો એક અધિક માસ ઉમેરી દેવાનો નિર્ણય લઇ આ ત્રણ વર્ષનાં ૧૧/૩ = ૩૩ દિવસનો તફાવત સરભર કરી દીધો અને આ રીતે અધિક માસની આપણે ત્યાં શરૂઆત થઇ.

આપણા બારેબાર ગુજરાતી માસનાં નામ નક્ષત્રો ઉપરથી પડ્યાં છે; જે જે રાશિ, નક્ષત્રમાંથી ચંદ્ર પસાર થાય તે મુજબ નામ પડ્યાં પણ અધિક માસ તો વધારાના દિવસોમાંથી અસ્તિત્વમાં આવ્યો એટલે સૂર્ય સંક્રમણ : ચંદ્રસંક્રમણ અને રાશિ પ્રવેશ - નક્ષત્ર પ્રવેશ તો થતો જ નથી, તો એનું નામકરમ કરવું કેવી રીતે? આથી બધા એને મેલ (કચરો) એટલે કે 'મળ માસ' તરીકે ઓળખવા લાગ્યા.

દરેક ગુજરાતી માસના અધિષ્ઠાતા દેવી-દેવતા નક્કી થયેલ છે. જેમ કે : પોષ માસ પુષ્ય નક્ષત્ર ઉપરથી નામકરણ પામ્યો; તેના દેવતા નારાયણ છે, દેવી લક્ષ્મીજી છે અને તેનું વૈદિક નામ સહસ્ય છે. હવે અધિક માસ (એકસ્ટ્રા) ઉમેરાયેલો હોવાથી એના કોઇ અધિષ્ઠાતા નથી. મળમાસે વિષ્ણુ ભગવાનને વિનંતી કરી કે બાકીનાં બારે માસ જેટલું જ સન્માન મને પણ મળે. જેનું આ દુનિયામાં કોઇ નથી તેના ભગવાન છે. વિષ્ણુ ભગવાને પ્રસન્ન થઇ આ અધિક માસ, મળ માસને દત્તક લીધો. પોતે જાતે અધિક માસના અધિષ્ઠાતા દેવતા બન્યા અને અધિક માસ બારેય માસમાં અધિપતિ સ્થાપિત થયો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

યાદ તો એ રાખવાનું છે કે જીવનમાં એટલી બધી ભૂલો ન કરવી કે પેન્સિલ પહેલાં રબર ઘસાઇ જાય

'હથોડી અને ટાંકણું'
- હર્ષદરાય ઉપાધ્યાય

ક્યારેક અનાયાસે મનમાં ઉઠેલ વાત શબ્દ દેહે જન્મ લેછે ત્યારે તે વાતનું વજન ભારે લાગે છે.

એક લેખ આપવા ગાંધીનગર સમાચારના કાર્યાલયે જવાનું થયું. આધુનિક મોબાઇલમાંનો ફોટો શોધવામાં તકલીફ પડતી હતી. લગભગ અડધા કલાકને અંતે હું કુંતલભાઇને કહ્યું કે રહેવા દો કાલે હાર્ડ કોપી આપીશ. જવાબમાં કુંતલભાઇએ કહ્યું કે સાહેબ એ વાતમાં માલ નથી. આપણે એને (મોબાઇલને) બનાવ્યો છે. એ આપણને શું બનાવતો હતો?

અને આ વિચારનો દોર શરૂ થયો. કેટલી મોટી વાત હતી. મામસ આ વાત સમજે છે કે આપણે જેનું સર્જન કર્યું હોય તે યંત્ર આપણું જ ગુલામ રહેવું જોઇએ. તે આપણને વળી શું બનાવતું હતું.

પરંતુ જરાક હટકે વિચારશું તો મગડજમાં ક્લીક થશે કે, હા યાર, જેણે આપણને બનાવ્યા તેને જ આપણે વાત વાતમાં બનાવ્યા કરીએ છીએ. દિવસમાં અનેક વાર જરૂર હોય કે ન હોય સોગંદ પૂર્વક જૂઠું બોલીએ છીએ. વાત વાતમાં ભગવાનને વચ્ચે રાખીએ છીએ, અને તુચ્છ સ્વાર્થ ખાતર જૂઠું બોલી ઉપરવાળાને બનાવીએ છીએ.

વળી પાછા ભગવાનને ફરિયાદ કરીએ છીએ કે હે ભગવાન તું મારી પ્રાર્થના - માંગણી - તરત કેમ નથી સ્વીકારતો? એ તો સારું છે કે ભગવાન જવાબ નથી આપતા નહીં તો કહેત બેટા, એમતો તારા ગુનાની સજા પણ હું ક્યાં તરત આપું છું?

સત્યના રક્ષણ કાજે બોલાયેલું જૂઠ એ સત્યથી પણ કદાચ ચઢિયાતું લેખાય. પરંતુ નીજ સ્વાર્થના માર્યા આપણે પ્રભુને ક્યાં સુધી બનાવ્યા કરીશું?

દુનિયામાં બે વિચારધારાઓ હંમેશા જીવિત રહી છે. એક સત્યનો રાહ અને બીજી અસત્યની. સાચું-જૂઠું, ખરું-ખોટું, ભલું-બૂરું, નીતિ-અનીતિ, ધર્મ-અધર્મ, અને આવાં કેટલાંય દ્વિવિભાજનોમાં સંચાર અટવાયેલો છે. ઘણાંને બોલતાં સાંભળ્યા છે કે ગમે તે કહો પણ આજનો જમાનો જુઠ્ઠો છે. અસત્ય અને અન્યાયી માર્ગે જ આજકાલ સૌ સુખી જીવન પ્રાપ્ત કરી રહ્યાં છે. અનેક ઉદાહરણો કદાચ નજર સમક્ષ હોય પરંતુ એક વાત તો નિશ્ચિત છે કે સત્યનો જ અંતે જય થાય છે. સત્યમેવ જયતે એ અમસ્તુ નથી કહેવાયું. હાં, દેખીતી રીતે કદાચ અસત્યમાર્ગે સુખ-સાહ્યબી જણાતી હોય પણ તે આભાસી હોય છે. ધનને અને શાંતિને કદાચ સંબંધ જ નથી. પૈસો અને શાંતિ એક મ્યાનમાં ન રાખી શકાય તેવી તલવારો છે.

સુખ અને આનંદ એ બંને અલગ બાબત છે.

જીવનમાં જે મળે તે ગમે તેને આનંદ કહેવાય અને જીવનમાં જે ગમે તે મળે તેને સુખ કહેવાય.

કદાચ એવું પણ કહી શકાય કે આત્મશાંતિ એટલે જ સાચું સુખ. દરેક વ્યક્તિ એટલું તો જાણે છે કે આપણા તમામ કર્મોની વાત મનથી છૂપાવી શકાતી નથી. એટલે કે આત્મા બધો હિસાબ રાખે છે. આત્મા એટલે જ પરમાત્મા. પરમાત્માને દુઃખ પહોંચાડવું એ કોઇને પણ કદાય ગમતું નથી. અસત્ય કે બનાવટથી ઇશ્વર હંમેશા ખફા રહે છે. મોડા વહેલાં કર્મની સજા કે બદલો મળે જ છે. હાં, કોઇને વહેલો ન મળતો હોય ત્યારે કર્મના આ સિધ્ધાંત ઉપર સંશય થાય તે સ્વાભાવિક છે. પરંતુ એક ઉદાહરણ કદાય બિલકુલ સમજવા જેવું છે. બેંક બેલેન્સ મોટું હોય ત્યારે વ્યક્તિ ન કમાતો હોય છતાં પૈસાની રેલમછેલ કરતો હોય ત્યારે બેલેન્સ હશે ત્યાં સુધી વાંધો નહી આવે. પણ પછી શું? બસ આપણું પણ આવું જ છે. કદાય કોઇના ખાતે પાછલું પુણ્ય પડેલું હોય અને અત્યારે પાપરૂપે તે વાપરતો હોય ત્યારે સમજવું કે બેલેન્સ પૂરું થતાં હિસાબ થવાનો જ છે.

યાદ તો એ રાખવાનું છે કે જીવનમાં એટલી બધી ભૂલો ન કરવી કે પેન્સિલ પહેલાં રબર ઘસાઇ જાય.

બનાવટી યુગ અત્યારે ચાલી રહ્યો છે તેમ કહેવું ખોટું નથી કેમ કે, મોટાથી લઇને નાના સૌ કોઇ પોતપોતાની યથાશક્તિ બનાવટ કરી લેતા હોય છે. મોટા ધર્મગુરૂઓ જેટલી બનાવટ વધુ તેટલાં વધુ શિષ્યો કે ભક્તો લઇ સંસારમાં બેખોફ મહાલી રહ્યા છે. અવનવા વેષ અને દેખાવ અને બનાવટધારી કહેવાતા ઠગોનો રાફડો ફાટ્યો છે. અસલી ભગવાનને સ્થાને આ કહેવાતા અને લોકોને મનાવતા ધર્માચાર્યો બીરાજમાન થયા છે.

સામાન્ય વ્યક્તિ આજે ચિંતા - પ્રશ્નો - ઉપાદીઓ - ટેન્શનો - પરેશાનીઓ - આર્થિક ભીંસ વગેરની વચ્ચે ફસાઇ ગયેલો છે. ત્યારે ડૂબતો માણસ તરણું ઝાલે એ ન્યાયે જયાં શાંતિ જેવું મૃગજળ દેખાય કે તે તરફ ત્યાં દોડે છે. પણ સરવાળે ત્યાંથી શાંતિ પ્રાપ્ત કરવાને બદલે ઉલટો નવી વહેમી ઉપાદીઓ ઉપાડી લાવે છે.

સામાન્ય સોચથી માંડી બધી જ વસ્તુઓ કે બાબતોમાં બનાવટ જોવા મળે છે. અન્યની ચિંતા કરવાનો કદાય સમજ નથી તેમ વિચારી સૌ પોતપોતાના રોટલો શેકવામાં પડ્યા છે.

પરંતુ અંધારામાં એક નાનકડો દીવડો પણ ભારે ઉજાસ રેલાવે છે, એમ જીવનમાં સાચી શ્રધ્ધા અને સાચી ભાવના રાખનારની જીવનજયોત પ્રકટાવવા જરૂર ઇશ્વર કોઇને કોઇ સ્વરૂપે આવી મળે છે.

વિશ્વાસ રાખજો કે નિર્મળ હૃદયે કરેલી પ્રભુની અરજ તરત જ પ્રભુને પહોંચે છે, અને પ્રભુને ત્યાં દેર છે પણ અંધેર નથી એ નિયમે જરૂર ન્યાય મળવાનો જ છે. બસ આપણી સાચી - પવિત્ર વાતને ઇશ્વરની કોર્ટમાં રજૂ કરો અને મેળવો સાચ્ચો ન્યાય. આવો આ પળે નક્કી કરીએ કે, આપણને બનાવનારને કદી નહીં બનાવું.

મુખવાસ :

શ્વાસ ખૂટી જાય અને ઇચ્છાઓ બાકી રહી જાય તે મોત. પણ ઇચ્છાઓ ખૂટી જાય અને શ્વાસ બાકી રહી જાય તે મોક્ષ.

આજના દિવસનો મહિમા

- ભાનુપ્રસાદ એસ. દવે

૨૮મી ઓગષ્ટ

● ધરતીની ધૂળમાંથી મોતી શોધનાર, લોક બોલીની નિકટતાને પામનાર ઝવેરચંદ મેઘાણીનો જન્મ ૨૮-૮-૧૮૯૬.

કુરબાનીની કથાઓ, ડોશીમાની વાતો, રઢિયાળી રાત, હાલરડાં, ચુંદડી જેવા સંગ્રહો તેમણે આપ્યા.

છેલ્લો કટોરો ઝેરનો આપી જજો બાપુ! મહાત્માને ગોળમેજી પરિષદમાં ભાગ લેવા આમંત્રણ મળ્યું ત્યારે લખાયેલું કાવ્ય. આ પછી રાષ્ટ્રીય શાયર તરીકે ઓળખાયા, કંસુબીનો રંગ, શિવાજીનું હાલરડું, માણસાઇના દીવા, સોરઠી સંતવાણી, તેમની જાણીતી-લોકપ્રિય રચના-કૃતિઓ છે. લોકસાહિત્ય તરફ પ્રજાને અભિમુખ કરનારા લોકપ્રિય કવિ.

● સત્યપ્રકાશના તંત્રી, ઇંગ્લેન્ડ પ્રવાસના લેખક મહારાજ બાયબલ કેસમાં બતાવેલ હિંમતના લીધે ખૂબ જ જાણીતા કરસનદાસ મૂળજીની આજે પુણ્યતિથિ ૨૮-૮-૧૮૭૧.

● ડાયાબીટીસ સામે ઇન્સ્યુલેશનની શોધ થઇ - ૧૯૨૧.

● ઉચ્ચ કોટિનું શાયર રઘુપતિ ફિરાક' નો ગોરખપુરમાં જન્મ - ૧૮૯૬.

મૌલિક પધ્ધતિથી અંગ્રેજી વિષયને સરળ રીતથી શિખવનાર અધ્યાપક શ્રી અશોકભાઇ પુરોહિત

મોંઘેરા મોતી
- નટવર આહલપરા

માતૃભાષા આંખ છે, તો અંગ્રેજી ભાષા ચશ્મા છે. અંગ્રેજી ભાષાને સ્વચ્છ ચશ્મા પહેરાવતા સ્વસ્થ સંવેદનશીલ અધ્યાપક શ્રી અશોકભાઇ પુરોહિત તેમનાં મૂળ વતન જશદણમાં પિતાની છત્રછાયામાં હાઇસ્કૂલ સુધીનું શિક્ષણ તો પ્રાપ્ત કર્યું. પણ વિદ્યા અને આધ્યાત્મિક જીવનનો વારસો મેળવ્યો છે. તા. ૨૪-૦૬-૧૯૬૫ ના રોજ જન્મેલા શ્રી પુરોહિતે શાળા શિક્ષણમાં ઝળહળતી સફળતા મેળવ્યા બાદ કોલેજના અભ્યાસ માટે તેઓ વડોદરા ગયા. એમ.એસ. યુનિવર્સિટીમાંથી પદ્વી લઇ. નોકરીનો પ્રારંભ કર્યો. રાજકોટની પ્રતિષ્ઠિત કોચિંગ સંસ્થાઓમાં અંગ્રેજી વિષય ભણાવી વિદ્યાર્થી અને વાલીવર્ગમાં ચાહના મેળવી હતી.

ભારતનું એ સૌભાગ્ય રહ્યું છે કે, માતૃભાષા સાથે શ્રી પુરોહિત પણ અંગ્રેજીના 'સાધકો' મળી જ રહે છે. આવા જ એક સાધક છે. રાજકોટને કર્મભૂમિ બનાવીને ન્યુ એરા સ્ટડી સેન્ટરની સ્થાપના કરી. જેમાં રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરનાં વિદ્યાર્થીઓને અંગ્રેજી શીખવવાનું શરૂ કર્યું હતું. વિદ્યાર્થીઓને પ્રથમથી જ એકેડેમીક ક્ષેત્રે અંગ્રેજી અઘરું લાગે છે. આવા ભયને દૂર કરવામાં શ્રી પુરોહિતે સંપૂર્ણ સફળતા મેળવી હતી.

વિદ્યાર્થીઓનું અંગ્રેજી શાથી નબળું છે? તેના કારણો શોધી, તેનાં ઉકેલો શૈક્ષણિક જગતને આપ્યા. તે તેમનાં માટે વિશેષ ઉપલબ્ધિ છે. અંગ્રેજીને As a Subject તો ખરો જ. પણ as a language ની રીતે પણ ભણવી જોઇએ. આ Concept ઉપર આગળ વધતા ગયા. અને યશકલગીમાં એક પછી એક સફળતાના મોરપીંછ ઉમેરતા ગયા હતા. ધોરણ-૧૧-૧૨ (સાયન્સ/કોમર્સ) ક્ષેત્રે શ્રી પુરોહિતની કાર્યદક્ષતાથી ન્યુ એરા સ્ટડી સેન્ટરની પ્રતિષ્ઠા એટલી છે કે, પ્રતિ વર્ષ રાજકોટમાંથી બોર્ડ/સેન્ટરમાં સ્થાન મેળવતા ઘણાં વિદ્યાર્થીઓએ અંગ્રેજી વિષયનું માર્ગદર્શન 'ન્યૂ એરા'માં જ મેળવ્યું હોય છે. અંગ્રેજીમાં ૭૦ થી વધુ માર્કસ મેળવનાર વિદ્યાર્થીઓની યાદી પાનાઓના પાના ભરાય તેટલે પહોંચી ગઇ. તેથી જ તો અશોકભાઇ પુરોહિતની એક આગવી ઓળખ ઊભી થઇ છે, અને સૌ કોઇ પ્રેમથી કહે છે કે, 'શ્રી અશોકભાઇ પુરોહિત

એટલે અંગ્રેજીને મૌલિક રીતથી સરળ બનાવે છે.'

ગુજરાતમાં સૌ પ્રથમ અંગ્રેજી ભાષાને શીખવા માટે ઇન્ટિગ્રેટેડ પ્રોગ્રામ અપાવ્યું છે. જેના લીધે વિદ્યાર્થીઓ English Language Lab. માં સારી રીતે સફળ થયા છે. 'દુનિયાને જીતો અંગ્રેજીથી -' તેમાં અંગ્રેજી ભાષાને કંઇ રીતે શીખવી જોઇએ. તે અંગેનું માર્ગદર્શન પૂરૂં પાડતી DVD ગુજરાતમાં સૌ પ્રથમવાર તૈયાર થઇ છે. હજારો વિદ્યાર્થીઓ અને વાલીને કારકિર્દીલક્ષી માર્ગદર્શન પૂરું પાડતાં અનેક સેમિનારમાં વક્તા બનીને માર્ગદર્શન પૂરું પાડ્યું છે. ઉપરાંત અંગ્રેજી ભાષાના શિક્ષકોને પણ તાલીમ પુરી પાડવાનો શ્રેય મળેલો છે. ખાનગી શાળાઓ ગુરૂકુળ અને આશ્રમશાળાઓમાં તેઓનાં અવાર-નવાર માર્ગદર્શન સેમિનાર યોજાય છે, તો વ્યક્તિત્વ ઘડતરની શિબિરોમાં તેઓનાં માર્ગદર્શન વ્યતવ્યો યોજાયા છે.

સ્કૂલનું શૈક્ષણિક સ્તર વધુ સુધારવા સલાહકાર તેમજ નિષ્ણાંત પદે રહીને સેવાઓ આપી છે.

શ્રી અશોકભાઇ પુરોહિત કહે છે કે, 'જ્યારે અંગ્રેજી ભાષામાં સ્વપ્ન આવવાનું શરૂ થાય. ત્યારે માનવું કે, અંગ્રેજી ભાષામાં પ્રભુત્વ પ્રાપ્ત થયાનું શરૂ થયું છે.' આ સૂત્રને આધારે અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ પ્રાપ્ત કરેલા ગુણના આધારે ન આંકવું. તેઓ અભિગમ તેઓને ભાષા શીખવવાના વિજ્ઞાનમાં ઘણું નવું-નવું શોધવામાં મદદરૂપ થયો છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)